**અમદાવાદ(રુરલ)ના મહે. ૬–ઠા એડી.સિનિયર સીવીલ જજ અને એડી.ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં,મુ.મીરઝાપુર, અમદાવાદ.**

ક્રીમીનલ કેસ નં. 16618/2019

આંક :

ફરીયાદી : શ્રી સરકાર

વિ.

આરોપી : **KANU @ TINO KACHRABHAI THAKOR**

**ગુનો:–પ્રોહી.એકટની કલમ–૬૬ (૧) (બી),૬૫ એ.એ.,૧૧૬ બી. મુજબ.**

**ચૂ કા દો**

૧. સદર કામે ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીએ વગર પાસ પરમીટે દારૂના સાથે પકડાઈ આવેલ હોય, ઉપરોકત મુજબનો ગુનો કરેલ છે.

૨. આરોપી આજ રોજ મારી સમક્ષ હાજર થતા પ્રથમ તેમને પોલીસ તપાસના કાગળોની નકલો વિનામૂલ્યે આપવામાં આવ્યા બાદ કેસના કાગળો વંચાણે લઈ ગુના સંબંધી આરોપીનું નીવેદન લેતાં આરોપીએ ગુનાનો ઈકરાર કરેલો છે. આમ આરોપી પોતાની રાજીખુશી અને સ્વૈચ્છિકપણે પોતાનો ગુનો કબુલ મંજૂર કરતા હોઈ હું આરોપીની ગુના કબુલાત સ્વીકારું છું અને આરોપીને ગુનેગાર ઠરાવું છું.

૩. વળી આરોપીએ ગુના કબુલાતની પુરસીસ આપી જણાવેલ છે કે તેઓનો આ પ્રથમ ગુનો છે અને આરોપી મધ્યમ વર્ગના માણસ છીએ અને કાયદાની જોગવાઈઓને ધ્યાને રાખી આરોપી ઉપર રહેમ નજર રાખી ઓછો દંડ કરવા અરજ કરેલ છે.

૪. આમ આરોપી સામેનો ગુનો લક્ષમાં લેતાં તથા આરોપીએ રજૂ કરેલી દયાની અરજને લક્ષ માં લેતાં આરોપીનો આ પ્રથમ ગુનો છે અને તેઓએ બીજા કોઈ ગુના કરેલ નથી તેવા સંજોગોમાં તેમણે દયાની અરજ ગુજારેલ છે. તેથી આરોપીને સજા નહીં કરતા દંડ કરવાનું યોગ્ય માનું છું તેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**–: હુ ક મ :–**

સદર કામે આરોપીને ક્રિ.પ્રો.કો.કલમ ૨૫૨ મુજબ તેમની સામેના પ્રોહી એકટ કલમ–૬૬ (૧)(બી),૬૫ એ.એ.,૧૧૬ બી. મુજબના ગુના માટે ગુનેગાર ઠરાવી રુપિયા ૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પૂરા) નો દંડ, અને દંડ ન ભરે તો વધુ દિન–૨ ની સાદી કેદનો હુકમ કરવામાં આવે છે.

સદર ગુનાના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય પછી ક્રિ.પ્રો.કો.માં જણાવ્યા અનુસાર નાશ કરવો.

સદર ગુનાના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ અંગે અગાઉ જો કોઈ વચગાળાનો હુકમ કરેલ હોય તો તે કાયમી રાખવામાં આવે છે .

હુકમ, આજરોજ તા. ૧૧મી, માહે, ડિસેમ્બર, સને. ૨૦૨૧ ના રોજની ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**(કુ. વિનતી )**
છઠઠા એડી. સીવીલ જજ અને
જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ ફ્રૅસ્ટ કલાસ
અમદાવાદ(ગ્રામ્ય)મીરઝાપુર.
કોડ નં. જી.જે. ૦૧૫૫૦

તારીખ : ૧૧/ ૧૨ /૨૦૨૧
અમદાવાદ.